ACPC

# ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

## GUIDELINES FOR PARTICIPATING INSTITUTES

## ભાગ લેનારી સંસ્થાઓ માટેની માર્ગદર્શિકા

(૧) દરેક રાઉન્ડ વખતે ભાગ લેનારી સંસ્થાઓ (Participating Institutes - PI) માટે દરેક ઉમેદવારોને હેલ્પ સેન્ટર દ્વારા આપવામાં આવેલ અસલ Admission Letter તથા Bank Fee Challan ની કોપી *(ફી માફી યોજના હેઠળ પ્રવેશ ફાળવાયેલ દરેક ઉમેદવારના કિસ્સામાં તથા સ્ત્રી ઉમેદવારો માટે સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓનાં કિસ્સામાં સદર ચલનમાં '0' રકમ દર્શાવેલી હશે)*ની ચકાસણી કરવી ફરજિયાત છે. જો ઉમેદવાર પાસે સદર પત્રો ન હોય તો, ઉમેદવારને દરેક રાઉન્ડની અંતિમ તારીખ પહેલાં સદર પત્રો હેલ્પ સેન્ટર ખાતેથી મેળવી રજૂ કરવા જણાવવું અથવા જો રિપોર્ટીંગની અંતિમ તારીખ જતી રહી હોય તો, ઉમેદવારને પ્રવેશ સમિતિની **અમદાવાદ** ખાતેની ઓફિસે રૂબરૂ જવા જણાવવું.

(૨) **ભાગ લેનારી પ્રત્યેક સંસ્થાને તાકીદ કરવામાં આવે છે કે, કોઈપણ ઉમેદવારોનાં કોઈપણ અસલ પ્રમાણપત્રો કોઈપણ સંજોગોમાં સંસ્થા ખાતે જમા લેવા નહિં, માત્ર ચકાસણી કરી જે-તે ઉમેદવારને પરત કરી દેવા.**

(૩) પ્રત્યેક એડમિશન રાઉન્ડની સમાપ્તિ બાદ www.intragujacpc.nic.in વેબસાઈટ ઉપર સંસ્થા ખાતે ફાળવાયેલ ઉમેદવારો પૈકીનાં હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટીંગ કરેલ ઉમેદવારોની યાદી મૂકવામાં આવશે, જે પ્રત્યેક ભાગ લેનારી સંસ્થાએ નોટિસ બોર્ડ ઉપર અચૂક દર્શાવવાની રહેશે.

(૪) જો કોઈ ઉમેદવારે રીશફલીંગ રાઉન્ડમાં ભાગ લીધો હોય અને તેને અગાઉનાં રાઉન્ડમાં ફાળવાયેલ **સંસ્થા અને વિદ્યાશાખા**માં જ પ્રવેશ ફાળવવામાં આવે તો આવા કિસ્સામાં **Admission Letter** તથા **Bank Fee Challan** ની ચકાસણીની જરૂરિયાત રહેતી નથી. પરંતુ, જો રીશફલીંગ રાઉન્ડમાં ઉમેદવારને અન્ય સંસ્થા અને વિદ્યાશાખા અથવા જે-તે સંસ્થામાં જ અન્ય વિદ્યાશાખામાં પ્રવેશ ફાળવવામાં આવે, તો હેલ્પ સેન્ટર દ્વારા આપવામાં આવેલ અસલ **Admission Letter** તથા **Bank Fee Challan**ની કોપીની ચકાસણી કરવી ફરજિયાત છે.

(૫) **ચાલુ વર્ષની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા અંગેની સૂચના અથવા તો અત્રેની સમિતિ દ્વારા જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી કોઈપણ સંસ્થા ઉમેદવારો પાસેથી કોઈપણ પ્રકારની ફી વસૂલી શકશે નહીં.**

(૬) કોઈપણ ઉમેદવાર અસલ **Admission Letter** તથા **Bank Fee Challan** ની કોપી *(ફી માફી યોજના હેઠળ પ્રવેશ ફાળવાયેલ દરેક ઉમેદવારના કિસ્સામાં તથા મહિલા ઉમેદવારો માટે સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓનાં કિસ્સામાં સદર ચલનમાં '0' રકમ દર્શાવેલી હશે)* વગર વર્ગખંડનાં ન બેસે તે ચકાસવાની જવાબદારી દરેક સંસ્થાના વડાની રહેશે.

(૭) એડમિશનના પ્રત્યેક રાઉન્ડ બાદ, હાજરી પત્રકમાં રહેલાં ઉમેદવારોની યાદીની સરખામણી વેબસાઈટ www.intragujacpc.nic.in ઉપર મૂકેલ સંસ્થાના ઉમેદવારોની યાદી સાથે કરવાની રહેશે. જો કોઈ ફેરફાર જણાય તો, તુરંત સમિતિનું ધ્યાન દોરવાનું રહેશે.

(૮) આ માર્ગદર્શિકાનું પાલન કરવું દરેક ભાગ લેનારી સંસ્થાઓ માટે ફરજિયાત છે.

(૯) ઉપરોક્ત સ્વયંસ્પષ્ટ માર્ગદર્શિકા છતાં, જો કોઈ પણ સંસ્થા વિરુદ્ધ Non-reported student અથવા ફી વસૂલવા અંગેની કોઈપણ ફરિયાદ અત્રેની સમિતિને મળશે તો, ભાગ લેનાર સંસ્થાના વડા તેના માટે જવાબદાર રહેશે અને કાયદા ક્રમાંક ૨/૨૦૦૮નાં નિયમ-૧૪ અન્વયે પ્રાપ્ત સત્તાધિકારી અન્વયે દંડ કરવામાં આવશે.